For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દ.ગુ.માં એકપણ ડેન્ટલ કોલેજ નહીં હોવાના 'ગુજરાતમિત્ર'ના અહેવાલને પગલે

# સુરતમાં નવી ડેન્ટલ કોલેજ માટે આદેશ

**શરૂઆતમાં** નવી ડેન્ટલ કોલેજ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સરવે કરાશે: મંત્રી પાનશેરીયા

**આગામી** સપ્તાહે ખુદ મંત્રી પ્રફુલ પાનશેરીયા તેની સમીક્ષા કરશે

ગુજરાતમિત્ર અહેવાલની અસર

સુરતઃ સમગ્ર દક્ષિણ ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે રાહતના અને અત્યંત આનંદના સમાચાર સામે આવ્યા છે. વડોદરાથી લઈને છેક વાપી સુધીના વિશાળ વિસ્તારમાં એક પણ ડેન્ટલ કોલેજ ન હોવાની ગંભીર સમસ્યાનો હવે અંત આવવા જઈ રહ્યો છે. વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક ખાધ અને પ્રબળ લોકમાંગ અંગેના અહેવાલને પગલે, રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સુરતની નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નવી ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટેની તૈયારી ચકાસવા માટે તાત્કાલિક ધોરણે આદેશ કરી દીધો છે.

ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતું સુરત શહેર અને તેની

...અનુસંધાન પાના 5 પર

## નવી સિવિલ કેમ્પસમાં ડેન્ટલ કોલેજ શરૂ કરવાની તૈયારી કરવા કહી દીધું છે: મંત્રી પ્રફુલ પાનશેરિયા



છેક વડોદરાથી શરૂ કરીને ઉમરગામ સુધીના દક્ષિણ ગુજરાતના પટ્ટામાં એકપણ ડેન્ટલ કોલેજ નહીં હોવાથી મેં તાકીદના ધોરણે સુરતની નવી સિવિલ કેમ્પસમાં નવી ડેન્ટલ કોલેજ માટે આદેશો કર્યા છે. હાલમાં આ નવી ડેન્ટલ કોલેજના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સરવે કરવામાં આવશે અને આગામી અઠવાડિયે હું તેની સમીક્ષા કરીશ અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ ગુજરાતના રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું.

## અમદાવાદમાં છ ડેન્ટલ કોલેજ છે ત્યારે સુરતમાં મનપાએ પણ એક ડેન્ટલ કોલેજ ચાલુ કરવી જોઈએ

અમદાવાદમાં છ અને વડોદરામાં બે ડેન્ટલ કોલેજ છે ત્યારે સુરતમાં એક નહીં પણ બે ડેન્ટલ કોલેજ શરૂ થાય તે જરૂરી છે. અમદાવાદમાં જે રીતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડેન્ટલ કોલેજ શરૂ કરવામાં આવી તેવી જ રીતે સુરતમાં પણ સુરત મહાનગર પાલિકા ડેન્ટલ કોલેજ શરૂ કરી શકે તેમ છે. હાલમાં સુરતમાં 50 બેડની હોસ્પિટલોમાં ડેન્ટલ ડોક્ટરોની વેકેન્સી પડી રહી છે ત્યારે સુરત મનપાની ડેન્ટલ કોલેજના વિદ્યાર્થીઓને તેનો સીધો લાભ મળી શકે છે. સાથે સાથે સુરત મનપાની કોલેજમાં સ્થાનિક વિદ્યાર્થીઓનો ક્વોટા નિયત કરાય તો તેનો પણ મોટો લાભ મળે તેમ છે.



# સુરતથી ઉદેપુરની વંદે ભારત ટ્રેનનો પ્રારંભ, કાલથી નિયમિત દોડશે

**વંદે** ભારત અઠવાડિયામાં મંગળવાર સિવાય છ દિવસ દોડશે

**માત્ર** સાડા સાત કલાકમાં સુરતથી ઉદેપુર પહોંચી જવાશે

સુરતઃ સુરતથી ઉદેપુર જવું હવે વધુ સુગમ બની ગયું છે. સુરતથી ઉદેપુર વચ્ચેની વંદેભારત ટ્રેનનો આજે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. પહેલા દિવસે વંદે ભારત ટ્રેનના ઉદ્ઘાટન પ્રસંગે સ્કૂલના બાળકોને ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા, જેમનામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સાથે કેટલાક મહેમાનો અને આગેવાનોને પણ પ્રથમ સફરમાં અમદાવાદ સુધી લઈ જવામાં આવ્યા હતા.

### વંદે ભારતના કાર્યક્રમના આયોજનમાં ભારે અવ્યવસ્થા

સુરતના કાર્યક્રમમાં આયોજનમાં અવ્યવસ્થા સર્જાઈ હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રેલવે તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. જોકે તમામ નેતાઓ અને રેલવેના અધિકારીઓ સ્ટેજ પર બેસી ગયા બાદ રેલવે તંત્ર પાસેથી આ તમામ આયોજન હાઇજેક કરી લેવામાં આવ્યું હોય તે પ્રકારના દ્રશ્યો પણ સામે આવ્યા હતા. કારણ કે એક સ્થાનિક કોર્પોરેટર દિનેશ રાજપુરોહિત સ્ટેજ પર પહોંચી ગયા હતા અને માઈક પર અભિવાદન કોણ કરશે તેનું એનાઉન્સમેન્ટ શરૂ કરી દીધું હતું. જેના કારણે સ્ટેજ પર થોડો સમય માટે પરિસ્થિતિ કાબુ બહાર થઈ ગઈ હતી.

### વંદે ભારતની સાથે વલસાડ-સુરતની નવી મેમુનો પણ પ્રારંભ કરાયો

આજે વંદેભારતની સાથે સાથે વલસાડ-સુરતની મેમુ ટ્રેનનો પણ પ્રારંભ કરાયો હતો. મેમુ ટ્રેન કાલથી નિયમિત દોડશે. તે બપોરે 1:20 વાગ્યે વલસાડથી રવાના થઈ સાંજે 4:40 વાગ્યે સુરત પહોંચશે. આ ટ્રેન ડુંગરી, જોંરાવાસણ, બીલીમોરા, અમલસાડ, અંચેલી, વેડછા, ગાંધી સ્મૃતિ, નવસારી, મરોલી, સચિન, ભેસ્તાન અને ઉધના સ્ટેશનો પર ઉભી રહેશે. નવસારી ખાતે ટ્રેન પહોંચતા સી.આર. પાટીલે મહાનુભાવો સાથે તેને આગળની યાત્રા માટે લીલી ઝંડી બતાવી હતી. આ સેવાથી વલસાડ, નવસારી અને સુરત વચ્ચે રોજ અવરજવર કરતા મુસાફરોને વધારાનો વિકલ્પ મળશે.

ટ્રેનને પ્રારંભ કરાવતા સી. આર. પાટીલે ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું કે, આજે વંદે

...અનુસંધાન પાના 5 પર

# પત્નીને ઈમોશનલ બ્લેકમેઈલ કરવામાં પેટ્રોલ છાંટી પતિનું અગ્નિસ્નાન

**મૂળ** પંચમહાલનો વતની વોચમેન જશવંત પરમાર પત્ની સાથેની ચર્ચામાં મોતને ભેટી ગયો

સુરતઃ ઉમરા વિસ્તારમાં ગુરુવારે સવારે પત્ની સાથે 'તું મને પ્રેમ કરે છે કે નહીં?' કહી ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરવામાં 43 વર્ષીય પતિએ શરીર પર પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી લેતા ગંભીર રીતે દાઝી ગયો હતો. સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા જશવંત પરમારનું શુક્રવારે સવારે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલથી મળેલી વિગતો મુજબ, મૂળ પંચમહાલના વતની અને હાલ ઘોડદોડ રોડ પર સુભાષનગર પાસે કરીમાબાદ સોસાયટીમાં રહેતા 43 વર્ષીય જશવંત ડાહ્યાભાઈ પરમાર ગુરુવારે સવારે પત્ની સાથે ઘરે ઈમોશનલી વાતચીત કરી રહ્યા હતા. દરમિયાન 'તું મને પ્રેમ કરે છે કે નહીં?'ના મુદ્દે વાતચીત ચાલી રહી હતી. તે સમયે જશવંતે શરીર પર પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. ઘટનાને પગલે

...અનુસંધાન પાના 5 પર

# માંડવીની નિધી હત્યા કેસમાં પોલીસ મહિલાને મધરાતે ઉઠાવી લઈ ગઈ

**સાત** પોલીસકર્મીઓ સામે હાઇકોર્ટમાં મહિલા દ્વારા કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરાઈ

**1 ઓક્ટોબરે** હાઇકોર્ટે નોટિસ પાઠવી, 26મીએ વધુ સુનાવણી

અમદાવાદઃ સુરત જિલ્લાના માંડવીમાં 25 વર્ષીય નિધી નામની યુવતીની હત્યા-લૂંટ કેસની તપાસમાં પોતે આરોપી ન હોવા છતાં પોલીસ દ્વારા વારંવાર પૂછપરછ, રાત્રે

...અનુસંધાન પાના 5 પર

### 'નોટિસ વિના રાત્રે ઘરે આવી પોલીસ લઈ ગઈ'

અરજી મુજબ, 3 સપ્ટેમ્બરે સાદા કપડાંમાં આવેલા પોલીસકર્મીઓ કોઈ લેખિત સમન્સ કે નોટિસ આપ્યા વિના ખાનગી વાહનમાં અરજદારને માંડવી પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. ત્યાં મોડી રાત સુધી પૂછપરછ કર્યા બાદ 4 સપ્ટેમ્બરની વહેલી સવારે તેને પોલીસ વાહનમાં ઘરે મૂકવામાં આવી હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો છે. ત્યારબાદ પણ અલગ-અલગ પોલીસ ટીમો, જેમાં એસઓજી અને એલસીબીનો સમાવેશ થાય છે, દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવતી હોવાનો આક્ષેપ કરાયો છે.

### મિત્ર સામે સાક્ષી બનાવવાનો દબાણ હોવાનો દાવો

કિરણ રાઠોડે એવો પણ આક્ષેપ કર્યો છે કે પોલીસ તેને તેની માંડવીની મહિલા મિત્ર સામે સાક્ષી અથવા એપ્રુવર (તાજનો સાક્ષી) બનાવવા દબાણ કરી રહી હતી અને તેને સહઆરોપી બનાવવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસ દ્વારા તેનો મોબાઇલ પંચનામા હેઠળ જપ્ત કરવામાં આવ્યો હોવાનો દાવો પણ અરજીમાં છે. અરજીમાં પોલીસકર્મીઓએ ઓળખકાર્ડ અને નેમ બેજ ન પહેર્યા હોવાનો પણ આક્ષેપ

...અનુસંધાન પાના 5 પર



(તસવીર: સતીષ જાદવ)

# ગાંધી જયંતીએ ગૌહત્યા મુદ્દે રેલી કાઢી જૈન સંતોના કલેક્ટર કચેરીમાં ધરણા

**કતલખાનાં** બંધ કરાવવા રજૂઆત બાદ પાવાગઢ અને ગોપીપુરાની દીવાલના પ્રશ્નોના ઉકેલની માંગ

**પોલીસ** અધિકારીઓએ સમજાવવાનો પ્રયાસ કર્યો, સંતોએ ધરણા ચાલુ રાખ્યા

### ઉચ્ચ પોલીસ અધિકારીઓ પહોંચ્યા, સમજાવવાનો પ્રયાસ

ત્રણ જૈન મુનિ કલેક્ટર કચેરી ખાતે ધરણા પર બેઠા હોવાની જાણ થતાં પોલીસ ખાતાના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. અધિકારીઓ દ્વારા મુનિઓને સમજાવી ધરણા સમેટવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, જૈન મુનિઓ દ્વારા પોતાની માંગણીઓનું નિરાકરણ ન આવે ત્યાં સુધી ધરણા પરથી નહીં ઊઠવાની ભૂમિકા લેવામાં આવી હોવાનું જાણવા મળે છે. દરમિયાન ધરણાની જાણ જૈન સમાજના અન્ય લોકોમાં થતાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને સમર્થકો કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચે તેવી શક્યતા જોતાં પોલીસ તંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. કલેક્ટર કચેરી પરિસરમાં કોઈ અનિચ્છનીય સ્થિતિ ન સર્જાય એ માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

સુરતઃ ગાંધી જયંતીના દિવસે કતલખાનાં બંધ કરાવવાની માંગ સાથે સમસ્ત જૈન સમાજ તથા સનાતન સમાજ દ્વારા સુરતમાં રેલી અને આવેદન કાર્યક્રમ યોજાયા બાદ જૈન સમાજના ત્રણ સંતોએ અચાનક કલેક્ટર કચેરી ખાતે ધરણા શરૂ કરતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. પાવાગઢના પ્રશ્ન ઉપરાંત સુરતના ગોપીપુરા વિસ્તારમાં જૈન સમાજના વિસ્તારમાં ફરતી દીવાલ (વોલ) બનાવવાના પ્રશ્નનું નિરાકરણ ન આવે ત્યાં સુધી ધરણા ચાલુ રાખવાની સંતોએ માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ 2 ઓક્ટોબરના રોજ સવારે સરગમ શોપિંગ સેન્ટરથી સમસ્ત જૈન સમાજ તથા સનાતન સમાજે કતલખાનાં બંધ કરાવવાની માંગ સાથે રેલી કાઢી હતી. આ કાર્યક્રમ બાદ આગેવાનો અને સમર્થકોએ અધિક કલેક્ટર (ચૂંટણી શાખા)

...અનુસંધાન પાના 5 પર

રાજ નામથી કોમર્શિયલ મોલ બનાવનાર મુકેશ નાહટાના પુત્રનું પરાક્રમ

# યુવતીએ બોલચાલ બંધ કરતાં બિલ્ડર પુત્રએ તેના પિતાને લઈ જઈ ચપ્પુ માર્યા

**બિલ્ડરપુત્ર** રિષભે સાગરીતો સાથે પિસ્તોલ બતાવી યુવતીને માફી માંગવા દબાણ કર્યું

**અલથાણ** પોલીસે બિલ્ડરપુત્ર રિષભની સાથે તેની સાગરીતોને પકડી કાર કબજે કરી રિમાન્ડ લીધા



સુરતઃ સુરતમાં જાણીતા બિલ્ડર રાજગ્રુપના માલિક મુકેશ નાહટાના નબીરા પુત્રએ અલથાણના ભીમરાડમાં યુવતી સાથેના પ્રેમસંબંધમાં થયેલા અણબનાવ બાદ યુવતીના પિતાનું અપહરણ કરી પિસ્તોલ બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપવાની સાથે તેને ચપ્પુના ઘા માર્યા હોવાની ચકચારી ઘટના બહાર આવી છે. યુવતીના ફોન પર થયેલી બોલાચાલી દરમિયાન રિષભની માતાને ગાળો આપવામાં આવતાં રોષે ભરાયેલા રિષભ નાહટા તેના બે મિત્રો સાથે લક્ઝુરિયસ કારમાં યુવતીના ઘરે પહોંચ્યો હતો અને યુવતી પાસે માફી મંગાવવાની જીદ કરી હતી પરંતુ યુવતીના પિતાએ માફી મંગાવવાનો ઈન્કાર કરતાં પોતાના મિત્રો સાથે યુવતીના પિતાને કારમાં ઉપાડી ગયો હતો. અલથાણ

...અનુસંધાન પાના 5 પર

### અણુવ્રત દ્વાર પાસે ફિલ્મી ઢબે કાર અટકાવી અપહૃત વેપારીને છોડાવ્યા

પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ફિલ્મી ઢબે અણુવ્રત દ્વાર પાસે અપહરણકારોની કારને રોકી યુવતીના પિતાને તેમની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા. ત્રણેય આરોપીને ઝડપી પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત યુવતીના પિતાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના જમણા હાથમાં છ ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે યુવતીના પિતા સુરેશ રૂપચંદ જૈન (રહે.,શિવાલિક કેન્ડલ, ભીમરાડ)ની ફરિયાદ

...અનુસંધાન પાના 5 પર

### દેવ આહીર પિસ્તોલ ક્યાંથી લાવ્યો તેની તપાસ શરૂ

મોડી રાત્રે બનેલી આ ઘટનામાં પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં રિષભ, દેવ અને લક્ષ્મણને સોમવાર સુધીનાં રિમાન્ડ મંજૂર થયાં છે. પોલીસ તપાસમાં અપહરણમાં ઉપયોગમાં લેવાયેલી લક્ઝુરિયસ કાર નાહટા પરિવારની હોવાનું બહાર આવ્યું છે. પોલીસે કબજે કરેલી પિસ્તોલ દેવ કેતનકુમાર આહીર લાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવતાં પિસ્તોલ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૪૦ લાખની ડિસ્કવરી

...અનુસંધાન પાના 5 પર

### વિડીયો કોલ પર યુવતીને પિતાનું અપહરણ કર્યાનું બતાવ્યું

કારમાં પણ યુવતીને ફોન કરી માફી માંગવા દબાણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં વિડીયો કોલ દરમિયાન પિસ્તોલ બતાવી યુવતીના પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી અને ચપ્પુ વડે ચાર ઘા મારવામાં આવ્યા હતા. દરમિયાન પરિવારજનોએ ઘટનાની જાણ ૧૧૨ ઇમરજન્સી હેલ્પલાઇન પર કરતાં અલથાણ પોલીસ હરકતમાં આવી હતી.

ચોમાસાની વિદાયના સંકેત સાથે

# શ્રાદ્ધ પક્ષમાં ધરતી ધખી, સુરતમાં પારો વધીને 36.8 ડિગ્રી નોંધાયો

**મહત્તમ** તાપમાન દોઢ ડિગ્રી વધ્યું, લઘુત્તમ 26.2 ડિગ્રી નોંધાયું

સુરત : સુરતમાં છેલ્લા બે દિવસથી ગરમીમાં ધીમે ધીમે વધારો જોવા મળી રહ્યો છે. આજે મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રી જેટલો વધારો નોંધાતા પારો 36.8 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. લઘુત્તમ તાપમાન પણ એક ડિગ્રી વધીને 26.2 ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ વધતા લોકો પરેશાન થયા હતા.

હવામાનમાં થઈ રહેલા ફેરફાર વચ્ચે પવનની દિશામાં પણ છેલ્લા બે-ત્રણ દિવસથી બદલાવ નોંધાઈ રહ્યો છે. આજે ઉત્તર દિશામાંથી છ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ 44 ટકા નોંધાયું હતું. ઉત્તર તરફથી પવનો ફૂંકાવાની શરૂઆતને કારણે ચોમાસાની વિદાયના સંકેતો વધુ સ્પષ્ટ બની રહ્યા છે. વરસાદી માહોલમાંથી

...અનુસંધાન પાના 5 પર


સ્મરણાંજલિ



સ્વ. પ્રભાવતીબેન નવનીતલાલ ગાંધી સ્વ. તા. ૨૮/૦૧/૨૦૧૬
સ્વ.નવનીતલાલ મોતીરામ ગાંધી સ્વ. તા. ૧૫/૦૩/૨૦૧૧
સ્વ. ભરતભાઈ નવનીતભાઈ ગાંધી સ્વ. તા. ૧૯/૦૩/૨૦૦૫

અમારા દિવ્યસ્વરૂપ વાત્સલ્યમૂર્તિ બા- દાદા અને વ્હાલા મોટાભાઈને સ્મરણાંજલિ

યોગેશ નવનીતલાલ ગાંધી
પરિવાર
શ્રીજીકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ

અશ્રુભરી શ્રદ્ધાંજલિ



સદાય ''હસતો હિમાંશુ''
અમને સદાય રડાવીને ગયો..
તારી યાદો, તારું વ્યક્તિત્વ સદાય
અમને યાદ આવશે અને આંખો
અમારી ભીની કરશે. પ્રભુ તારા દિવ્ય આત્માને
શાશ્વત શાંતિ આપે એ જ પ્રભુ પ્રાર્થના...

સ્વ. હિમાંશુભાઈ ચંદ્રકાંતભાઈ પટેલ
સ્વ. તા. ૩૦/૦૯/૨૦૨૬

લિ. બાબુભાઈ ટી. પાનવાલા
મધુબેન બી. વકીલ

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

ચરોતરીયા લેઉઆ પાટીદાર અવસાન-સંયુક્ત બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે
અમારા પૂજ્ય માતૃશ્રી
કંચનબેન હર્ષદભાઈ પટેલ
તા.૦૨/૧૦/૨૦૨૬, શુક્રવારના રોજ
અનંતની યાત્રાએ ગયા છે.
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને
શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના.

સ્વ.કંચનબેન હર્ષદભાઈ પટેલ
સ્વ.તા.૦૨/૧૦/૨૦૨૬

● સદ્ગતનું સંયુક્ત બેસણું ●
તા.૦૪/૧૦/૨૦૨૬, રવિવારના રોજ
સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે
ભરતીઆ પોલીટેકનીક ઈન
એનીમલ હસબન્ડરી (BPAH),
ભરતીઆ વિદ્યાસંકુલ,
શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ,
સુરત મુકામે રાખેલ છે.

:: પિયર પક્ષ ::
સ્વ.ભીખુભાઈ રામભાઈ પટેલ
સ્વ.નટવરભાઈ રામભાઈ પટેલ
મુકેશભાઈ ભીખુભાઈ પટેલ
અજયભાઈ ભીખુભાઈ પટેલ
જયુલભાઈ નટવરભાઈ પટેલ
મુ.પો.તુંડી, પલસાણા, સુરત

લિ. નિરવ હર્ષદભાઈ પટેલ (પુત્ર)
નાનુભાઈ ડાહ્યાભાઈ પટેલ
સ્વ.રણધીરભાઈ નરોત્તમભાઈ પટેલ
સ્વ.રોહિતભાઈ નાનુભાઈ પટેલ
સ્વ.કિરણભાઈ નાનુભાઈ પટેલ
અજયભાઈ રણધીરભાઈ પટેલ
નિતાંત રોહિતભાઈ પટેલ
અર્ચના મનોજભાઈ નાયક

નિવાસસ્થાન : ૧૫, રંગકૃપા સોસાયટી, જમનાનગર બસસ્ટેન્ડની પાસે, ઘોડદોડ રોડ, સુરત

આઠમી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. જશવંતીબેન બલવંતરાય રોટલીવાલા
ભાદરવા વદ સાતમ
સ્વ. તા. ૦૧-૧૦-૨૦૧૮

જીવન એવું જીવી ગયા કે સૌ જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખથી કદી ડર્યા નહી, ફરજ અને વ્યવહાર કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નહી, કરી પરિશ્રમ શૂન્યમાંથી સર્જન કરી પરિવારને સમૃદ્ધ બનાવી, સારા સંસ્કાર આપી, જીવન જીવવાની રાહ શીખવી ગયા, સુખ – દુઃખમાં સદાય હસતા રહ્યાં, આપનો નિડર અને પરોપકારી આત્મા સદા અમારા હૃદયમાં અમર રહેશે. પ્રભુ આપના પવિત્ર અને પુણ્યશાળી દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ. સ્વ. બલવંતરાય લલ્લુભાઈ રોટલીવાલા
મુકેશ બલવંતરાય રોટલીવાલા | શારદા મુકેશ રોટલીવાલા
રામ મુકેશ રોટલીવાલા | મિતાષા રામ રોટલીવાલા
વ્રેયાન રામ રોટલીવાલા
આદિતરામ વ્રજલાલ ડાકોરીયા | તરૂલતા આદિતરામ ડાકોરીયા
પ્રશાંતકુમાર ભાણાવાલા | નીમી પ્રશાંતકુમાર ભાણાવાલા
હિમાંશુકુમાર સિંગાપુરી | ક્રિષ્ણા હિમાંશુકુમાર સિંગાપુરી
શિવરામ પ્રોસેસર્સ | વ્રેયાન પ્રોસેસર્સ પ્રાઈવેટ લિમિટેડ
તથા સમસ્ત રોટલીવાલા પરિવાર

૮મી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. જશવંતીબેન બલવંતરાય રોટલીવાલા
ભાદરવા વદ સાતમ
સ્વ.તા. ૦૧-૧૦-૨૦૧૮

જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃદ્ધ બનાવી ચંદનસમુ જીવન જીવી સુખ સહુને દઈ ગયા, આપની ઉદારતા, કાર્યદક્ષતા, લગણીશીલ સ્વભાવ, મીઠી સુવાસ સદાયે હૈયે રહેશે. આપના આશિર્વાદ અમારા પર સદાય વરસતા રહે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ. સ્વ. બલવંતરાય લલ્લુભાઈ રોટલીવાલા
સતીષ બલવંતરાય રોટલીવાલા | રીટા સતીષ રોટલીવાલા
શિવ સતીષ રોટલીવાલા | સાગરશી શિવ રોટલીવાલા
વિવાંશ શિવ રોટલીવાલા | તરૂલતા આદિતરામ ડાકોરીયા
રૂહાંશ શિવ રોટલીવાલા | કૃતિકા રીંકેશ જરીવાલા
તથા સમસ્ત રોટલીવાલા પરિવાર